# Diamonds symbolize Family values & Pride.



Binding the generations together, diamonds **stay forever**

with Sri Raj Jewellery's 100% Buy back guarantee

your **investment** in Diamonds is **Safe forever**



SRI RAJ JEWELLERY

*the ultimate diamond destination*

Manthan Shah – 98493 19090

(By appointment only)

Boutique: 203, 2nd floor Ashoka Scintilla Complex, Himayatnagar, Hyderabad -29 • **040-6683-1338**

# 'નિયાંપો'

**શ્રી કચ્છી મિત્ર મંડળ**
**હૈદરાબાદનું મુખપત્ર**

વર્ષ : ૧૮ અંક : ૨૦૯

પ્રમુખ
**ધનજી લખમશી સાવલા**
(નિ) ૨૪૭૫ ૩૮૯૪, ૯૩૯૧૦ ૫૨૮૦૩

માનદ્ મંત્રી
**અમૃતલાલ ભાણજી નિસર**
(નિ) ૨૪૭૫૫૫૭૪,૯૩૪૭૫ ૫૫૫૭૪

સંપાદિકા
**શ્રીમતી દર્શના દિનેશ દેઢિયા**
૬૬૪૬ ૩૬૯૫, મો. ૮૧૦૬૪ ૦૭૧૯૧

સહ-સંપાદકો
**દિનેશ કલ્યાણજી ગોસર**
૯૩૯૧૧ ૯૯૦૧૧, ૯૨૪૬૧ ૯૯૦૧૧
**રમેશ મણીલાલ શાહ**
૨૪૭૫ ૧૮૭૫, ૯૪૪૦૯ ૯૬૬૫૨

*કાર્યાલય*
**શ્રી કચ્છી મિત્ર મંડળ**
શ્રી કચ્છી ભવન
૩-૫-૧૪૨, ઇડનબાગ, રામકોટ,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૧.
ફોન : ૨૪૭૫ ૨૩૮૩, ૬૫૯૪ ૨૩૮૩
email : hydkmm@gmail.com

*મુદ્રક*
**ચંદ્રપ્રભા ગ્રાફિક્સ**
૩૭, રૉયલ પ્લાઝા,
સુલતાન બજાર, હૈદરાબાદ ૯૫
ફોન ૬૬ ૭૮૦ ૭૮૦
કિંમત - રૂ. ૧/-


''નિયાંપો'' માં પ્રગટ થતા કોઈ પણ લેખ, માહિતી, કે જાહેરાત માટે મંડળ કે સંપાદકોની કોઈ જવાબદારી રહેશે નહી, જેની નોંધ લેવા વિનંતી.



## ઉપ પ્રમુખશ્રીનો સંદેશ

**મણીકાંત મેઘજી મોમાયા**

સામાજિક પરિસ્થિતિમાં અત્યંત ઝડપથી બદલાવ આવી રહેલ છે. વધતું જતું ઉચ્ચ શિક્ષણનું સ્તર, ટેક્નોલોજિકલ પ્રગતિ, ખુલ્લું વાતાવરણ, સાધન-સંપન્નતા, ઘટતી જતી ભૌગોલિક સીમાઓ, જેવા અનેક કારણોને લીધે વધતે ઓછે અંશે સમાજની દરેક વ્યક્તિ કોઈને કોઈ મુંઝવણો અનભવે છે. એવા અનેક ઉદાહરણો પણ છે.

સ્પર્ધાત્મક વાતાવરણમાં બાળકોના શૈક્ષણિક લક્ષ્યો હાંસલ કરવા અને જાળવવામાં માતાઓ પર આવતી માનસિક તણાવની પરિસ્થિતિ, ટિનેજમાં સમવયસ્કો તરફનું સંતાનોનું આકર્ષણ, લેટેસ્ટ બ્રાન્ડેડ વસ્તુઓ જેવીકે મોબાઈલ, કપડા, શુઝ, વાહન પ્રત્યેના આકર્ષણથી અંજાઈ, એ બધું તરતજ મેળવવાની તાલાવેલી અને એને કારણે પરિવારમાં ઉભી થતી તણાવની સ્થિતિ વગેરે વગેરે. જૂદા જૂદા સમયે તે સમયની પ્રાયોરીટી ધ્યાનમાં રાખી જૂદા જૂદા નિર્ણયો લેવા પડતા હોય છે. કોઈક વખત એક ખોટો નિર્ણય લેવાઈ જાયતો એની અસર પોતાના સંતાનો અને અન્ય કુટુંબીજનના જીવન અને સંબંધો પર પડતી હોય છે.

વેપાર કે વ્યાપારી તરીકેની સમાજની ઓળખ ધીરે ધીરે ઓછી થતી જાય છે. કારણે કે ઉંચા પગારના ધોરણો અને સારા હોદા, જોખમ રહિત નોકરીઓ યુવાનોને આકર્ષે છે. કૌટુંબિક ધંધામાં યુવાનો પર પૂર્ણ પણે કાબુ રાખવું શક્ય હતું. સ્વતંત્ર નોકરીઓના કારણે કૌટુંબિક કાબુ તો દૂરની વાત રહી પણ આજનો યુવાન અતિશય સ્વતંત્રતા ભોગવી રહેલ છે જેની અસર તેના જીવનના દરેક પાસામાં પડતી હોય છે. દરેક નિર્ણયો પહેલા વડિલો લેતા અથવા એમની સાથે બેસીને લેવાતા હવે મોટા ભાગના નિર્ણયો આજનો યુવાન પોતે જ લે છે જેના કારણે કૌટુંબિક અને સામાજિક વ્યવસ્થામાં બદલાવનો અનુભવ થાય છે.

વ્યવસાય અથવા શિક્ષણાર્થે દેશ વિદેશમાં સ્થળાંતર કરવું એ તો બહુજ સામાન્ય વાત છે અને એ માટે યુવાનો તકો શોધતા હોય છે કુટુંબની એક અથવા વધુ વ્યક્તિઓ સ્થળાંતર કરતાં કૌટુંબિક વ્યવસ્થામાં ઘણાં બધા ઉતાર ચઢાવ આવે છે.

કૌટુંબિક વ્યવસ્થાના ફેરફારોની અસરથી વૃદ્ધો પણ બાકાત નથી રહેતા. વૃદ્ધાવસ્થામાં એકલતાનો અનુભવ પણ સામાન્ય થઈ ગયો

છે. આને કારણે ડિપ્રેશન અને એને લગતી અન્ય બિમારીઓ, રોજબરોજની વાત થઈ ગઈ છે. વધતી જતી મોંઘવારીમાં જે ખર્ચમાં પાંચ વર્ષ પહેલા છ માણસો નભી જતા તેટલા ખર્ચમાં આજે બે માણસો પણ નભી નથી શકતા. બિન જરૂરી ખર્ચાઓ વધતા જાય છે. કરકસરની આદતો ઓછી થતી જાય છે અને બીજી તરફ આવકમાં બહુ ફેર નથી પડ્યો આવી બધી અચાનક બદલાતી આર્થિક પરિસ્થિતિના કારણે ઉપસ્થિત થતી ચિંતાઓની અસર જીવનના દરેક પાસાઓ પર પડતી હોય છે.

ટૂંક સમયના ગાળામાં બદલાતા મૂલ્યો નવી પેઢી બહુજ સહજતાથી અપનાવી લે છે પરંતુ આગળની પેઢીઓ માટે એનો સ્વીકાર કરવો સહેલું નથી હોતું અને આથીજ કૌટુંબિક ઘર્ષણ બહુજ સામાન્ય થઈ ગયા છે.

હરીફાઈની દોડમાં માણસ ભાગી રહ્યો છે. પણ એને ઘણીવાર પોતાના લક્ષ્યનું ધ્યાન નથી હોતું. ભાગતા ભાગતાં એનું જીવન વ્યતીત થઈ જાય છે. અંતમાં ક્યારેક કોઈને પોતાને ખ્યાલ આવે છે ત્યારે ખૂબ મોડુ થઈ ગયું હોય છે. અથવાતો અંત સુધી ખ્યાલ જ નથી આવતો. આ બધી મુંઝવણોને જાણવી અને એમાંથી માર્ગ કાઢવો હમેશા શક્ય નથી હોતું કારણકે દરેકની પરિસ્થિત અલગ હોય છે. પણ કૌટુંબિક સુમેળ જળવાઈ રહે એ માટે શિક્ષણ, વ્યવસાય અને વ્યવહારમાંથી સમય કાઢી કુટુંબ સાથે વધુ સમય ગાળવો જરૂરી છે. ઘણાં સંજોગોમાં આવા વખતે સમજદાર વ્યક્તિ, વડિલ, સાયકિઆટ્રીસ્ટ, કાઉન્સીલર, ક્લીનિકલ સાયકલોજીસ્ટ, ફિઝીયોથેરાપિસ્ટ મદદ કરી શકે. આપણે પણ આવી પ્રવૃત્તિ "ફેમિલી ગાઈડન્સ અને કાઉન્સેલીંગ સેંટર" શરૂ કરી શકીએ, જેમાં મદદ લેવા આવનાર વ્યક્તિના નિર્દેશ મૂજબ વિગતો ખાનગી રાખી શકાય.



## મંત્રીશ્રીનો અહેવાલ

**અમૃતલાલ ભાણજી નિશર**

ચાતુર્માસ પૂર્ણ થયા. સર્વ સાધુ સંતો પોતપોતાના સ્થાનેથી વિહાર કરી અન્ય સ્થાનકો સ્થળોએ પહોંચ્યા હશે. ચાતુર્માસમાં સહુએ યથા-શક્તિ ધર્મ-આરાધના તથા વ્યાખ્યાન-વાણીનો લાભ લીધો હશે. આ સાથે દિપાવલી અને વિક્રમ સં. નું વર્ષ પણ પૂરૂં થયું, અને ઈસ્વીસન ૨૦૧૨ નું વર્ષ પૂર્ણ થઈ નવ-વર્ષનો આરંભ થશે.

તા. ૨૫-૧૧-૨૦૧૨ નવેમ્બરને દિવસે શાંતિવન સમિતિ દ્વારા શ્રી કચ્છ ભવનમાં **"માં"** વિષય ઉપર એક વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમની સફળતા માટે સમિતિ સંચાલક શ્રી હંસકુમારભાઈને અભિનંદન.

લગ્નો તથા અન્ય માંગલીક પ્રસંગોની શરૂઆત થઈ ગઈ છે. પ્રસંગોપાત ભવનની બુકીંગ પણ ઓછી-વત્તી થયા કરે છે.

"નિયાપો" મુખપત્રનાં વિવિધા વિભાગમાં કેટલાક નવા લેખોની શરૂઆત થઈ છે, એ ખૂબજ આનંદની વાત છે, અને આવકાર-દાયક છે. આ થકી વિવિધ વિષયો અને નવા વિચારોની આપ લે થાય, એ સ્વાભાવિક છે. સામાજિક સારા તથા નબળા પાસાઓની જાણ થાય, અને સામાજિક બંધન તથા રિવાજોનાં સંકજામાં બંધાયેલી પ્રજાને નવા વિચારોની પ્રતિતી થાય. કેટલીક બાબતોમાં પ્રજાનું દષ્ટીકોણ બદલાય, એ ઈચ્છનીય છે.

*બધું સરસ મળ્યું, એની પાછળ તું નહીં પણ તારું પુણ્ય કારણ છે,*
*અને એ પુણ્ય બંધાવનાર પણ ધર્મ અને કર્મજ છે.*

પૂ. શ્રી ધીરજમુનિ મ.સા.

# સંપાદકીય

સંપાદિકા : **શ્રીમતિ દર્શના દિનેશ દેઢિયા**
સહ સંપાદકો : **દિનેશ કલ્યાણજી ગોસર, રમેશ મણીલાલ શાહ**

જીવનમાં ભૂલો કોણ નથી કરતું ? ભૂલો થવી સહજ છે. ભૂલો થવી આપણે માનવ હોવાની પ્રતિતી છે. પ્રશ્ન એ છે કે પોતે કરેલી ભૂલનો પસ્તાવો કેટલાને થાય છે ? માણસને જ્યારે ભૂલનો પસ્તાવો થાય ત્યારે સામાન્ય માણસ પણ સંત બની જાય છે. અસાધરણ બની જાય છે.

મોટા ભાગના લોકો પોતાની ભૂલનો સ્વીકાર નથી કરતા, બલ્કે તેને છાવરવાનો પ્રયાસ કરે છે. એક ભૂલને છુપાવવા બીજી અનેક ભૂલો કરવા માણસ તૈયાર થઈ જાય છે. માણસનો અહંકાર તેને તેની ભૂલનો સ્વીકાર કરવા દેતો નથી. જ્યાં ભૂલનો સ્વીકાર જ ન હોય ત્યાં પસ્તાવાની તો વાત જ ક્યાં કરવી ? પોતાની ભૂલ સ્વીકારવા નૈતિક હિમત જોઈએ. ભૂલ કબૂલ કરવી તેમજ પસ્તાવો જાહેર કરતા સામેની વ્યક્તિ ઉપર એક ચમત્કારિક પ્રતિભાવ પેદા કરે છે, ગુસ્સો, નારાજગી બધું પીગળી જાય છે. ક્યારેક અનુભવ કરી જોશો.

શિયાળાની ફૂલગુલાબી ઠંડીની શરૂઆત થઈ ગયેલ છે. શિયાળોએટલે નિરોગી રહેવાની મોસમ. હરવા ફરવાની મોસમ - શિયાળુ પાક રૂપે શરીરને પૌષ્ટિક આહાર આપવાની મોસમ - તન મનથી સ્વસ્થ રહેવાની મોસમ. શિયાળાની સિઝનમાં આ મળતી તક જરૂરથી ઝડપી લેશો. યાદ રહે **પહેલું સુખ તે જાતે નર્યા.**

# મહિલા સમિતિ

**સંચાલિકા : ખુશાલી જયેશ નાગડા**
**સહસંચાલિકા : હીના હિતેન નાગડા**

શ્રી કચ્છી મિત્ર મંડળ મહિલા સમિતિ પ્રસ્તુત કરે છે, નવા વરસનું નવું નજરાણું, આ નથી કોઈ અઘરૂ ઉખાણું, હૈદ્રાબાદમાંજ કરશું કાશ્મીરની સહેલ, એશીયાનો સૌથી મોટો કોલ્ડસ્ટોરેજ જોવા કરશો બધા પહેલ.

તા. ૧૯-૧-૨૦૧૩ ને શનિવારના સવારના ૮.૩૦ થી સાંજ સુધી, સાથે મળી બધા જોશું કે કઈ રીતે અને કેટલી સાવચેતીથી આપણા ખાધ્ય પદાર્થો, દવાઓ, વિવિધ ફળો, અને શાકભાજી તથા ફુલોના બીજ વગેરે કોલ્ડસ્ટોરેજમાં કઈ રીતે ઘણા સમય સુધી રખાય છે, ત્યાર પછી સાથે જમશું અને થોડી વાર રમશું માણીશું ફુલ ગુલાબી મૌસમની લહેજત.

તા. ૧૦-૧-૨૦૧૩ સુધી નામ લખાવવાના રહેશે, બહેનો માટેનો ચાર્જ રહેશે રૂ. ૧૦૦/- અને ૧૨ વરસથી નાના બાળકો માટે રૂ. ૭૫/- મર્યાદિત સંખ્યામાં સગવડ થઈ હોવાથી 'વહેલા તે પહેલા' ના ધોરણે નામ લેવામાં આવશે, નવું જોવાની તથા કંઈક નવું જાણવાની તક રખે ચૂકતા.

**જયશ્રી ભાવેશ ગાલા - ૯૯૮૯૦ ૭૮૯૮૬, હીના હિતેન નાગડા - ૯૩૯૭૬ ૫૭૩૪૩, ખુશાલી જયેશ નાગડા - ૯૨૪૬૫ ૨૨૪૭૬**



FOR ALL YOUR COMPUTER WORK
- ❖ SOFTWARE INSTALLATION
- ❖ TROUBLE SHOOTING
- ❖ VIRUS CLEANING ETC.
- ❖ NEW COMPUTER SALES & PURCHASE

**Contact : DEVESH - 94407 23277**

(જા.ખ.)

# માવજત સમિતિ

સંચાલક : કીર્તિ ટોકરશી કાપડિયા ૯૩૯૧૦ ૧૨૯૬૯

## પહેલું સુખ તે જાતે નર્યા

હર્ષ સાથે જણાવવામાં આવે છે કે તા. ૭-૧-૨૦૧૩ થી ૧૨-૧-૧૩ના, એક્યુપ્રેસર કેમ્પ આપણા કચ્છી ભવનમાં રાખેલ છે. સવારનાં ૮.૩૦ થી ૧૨.૩૦ અને સાંજે ૪ થી ૮ સુધી ૬ દિવસ માટે રાખવામાં આવેલ છે. સ્પોટ રેજીસ્ટ્રેશન એટલે ૭-૧-૧૩ ના સવારનાં આવીને રજીસ્ટ્રેશન કરી શકાશે સંપૂર્ણ વિગત આગળ જણાવેલ છે.નીચે મુજબની યોજનાઓ ચાલુ છે.

૧) **મેડિક્લેમ ઈન્શ્યુરેન્સ :** જે સભ્યની માસિક આવક રૂ. ૧૫,૦૦૦/- સુધીની હોય તેમના કુટુંબના એક સભ્ય કે જેની ઉમર ૪૫ વર્ષ સુધીની હશે તેનો રૂ. ૧,૫૦,૦૦૦/- નો મેડિકલ ઈન્શ્યુરન્સ મંડળ તરફથી કરવામાં આવશે. અરજી સાથે ૧) આવકનું સર્ટિફિકેટ ૨) એડ્રેસ પ્રુફ ૩) ડેટ ઓફ બર્થ નું પ્રુફ ૪) બે પાસપોર્ટ સાઈઝ ફોટો.

૨) **Diagnostic Testing :** સભ્ય તથા એના પરિવાર જનો હૈદરાબાદના કોઈપણ ડાયગ્નોસ્ટિક સેંટરમાં ટેસ્ટ કરાવી બીલ ઉપર ૨૫ ટકા મજરે મેળવી શકશે. આ માટે ૧ ) ઓરિજીનલ બીલ તથા ડોક્ટરના પ્રીસ્ક્રીપસનની ઝેરોક્ષ કોપી લાવવાની રહેશે ૨) સભ્યદીઠ બીલ રૂ. ૫૦૦૦/- થી વધારે હશે તો રૂ. ૫૦૦૦/- સુધીની રકમ ઉપર ૨૫ ટકા મજરે મળશે. ૩) બીલનું પેમેન્ટ એક મહિનાની અંદર મજરે લેવાનો રહેશે. ૪) બીલ ઉપર સભ્ય (પરિવારજન) તથા ડોક્ટરનું નામ હોવું જરૂરી છે. મજરે ભવનની ઓફિસથી કોઈપણ વર્કીંગ દિવસ ના સવારના ૯.૦૦ થી ૧૦.૩૦ સુધીમાં મળશે.

૩) **નાણાકિય સહાય :** જરૂરિયાતમંદ સભ્ય કે એના પરિવારજનો હોસ્પિટલમાં સારવાર અર્થે જાય તો દાખલ થવા પહેલાથી અરજી કરવાની રહેશે, તથા મેડિકલ ઈન્શ્યુરન્સ છે કે નહીં તે પણ જણાવવાનું રહેશે. અરજી આવ્યા બાદ સમિતિ તથા ડોક્ટર ટીમની સલાહ મુજબ રકમની ચુકવણી ફક્ત ચેક દ્વારા હોસ્પિટલના નામથી કરવામાં આવશે. ઈમરજન્સીમાં દાખલ થનારે સારવાર દરમ્યાનજ અરજી કરવાની રહેશે. અને સહાયનો ચેક હોસ્પિટલના નામથીજ આપવામાં આવશે.

૪) **વિજયા ડાયગ્નોસ્ટિકની સ્કીમ ચાલુ છે.**

**SRI RIDHI SIDHI SNACKS & KHAKRAS**

*Specialist In : Tomato Sticks, Sezwan Sticks, All types of Sev, Ghatiya, Chewda, Bhakharwadi, All Varieties of Sada Khakras, Diet Khakra, Mini Khakra, Special Masala, Chora Phari, Nachni Etc.*

Contact : # 4-1-10, C/3-24, Pragati Society, Opp. Wesley Church,Tilak Road, Hyderabad-1
Ph : **NITIN GALA -** 99630 10657, **SUNITA GALA** - 94408 75034

**BULK ORDER FREE HOME DELIVERY** (જા.ખ.)

માવજત સમિતિ સહર્ષ રજુ કરે છે.

## Shri Kutchi Mitra Mandal

Kutchi Bhavan, 3-5-143, Ramkote, Eden Bagh, Hyderabad - 500 001 (A.P.)

and

## Sri Accupressure Research Training & Treatment Centre (Regd.)

*is organising*

# ACCUPRESSURE CAMP

**(Accupressure, Vibration & Magnetic Therapy)**

**Monday 7th January 2013 to Saturday 12th January 2013**
**Timing : 8.30 am to 12.30 pm & 4.00 pm to 8.00 pm**
**Venue : Kutchi Bhavan, Ramkote, Hyderabad**

Following Doctors will provide their services

***Dr. Dalip Singh*** D.A.T.M.D. (Acu)

***Dr. Devender Singh*** D.A.T. (Acu)

***Dr. Revanth Choudhary*** D.A.T. (Acu)

**6 days treatment registration Fee Rs. 100/- only and for KMM members Rs. 70/- only (Pls. bring KMM Investigation Card)**

Treatment for following pains will be done without Medicine

**Fat, Blood Pressure, Diabetes, Gastric, Spondylyties, Old Headache, Eye, Ear, Nose, Throat, Kidney, Back Pain, Knee Pain Paralysis, Knee Disease, Breathing, Height Grow, Mental Problems, Urine Problem in Children while in bed and other pains**

---

Note : Every day each patient will be treated for 15 to 20 Minutes

**SPOT REGISTRATION**

# માનવ મિત્ર સમિતિ

સંચાલક :
**હરિલાલ ભીમશી સાવલા**

મૂઠીભર અનાજ યોજના માટે ગત માસમાં ૩૫૦ કિલો ચોખા તથા ૬૦ કીલો દાળ તેમજ ૫૦ કીલો ચોખા શ્રી લક્ષ્મીચંદ ખીમજી છેડા તરફથી પ્રાપ્ત થતાં આ અનાજ વિવિધ આશ્રમોમાં વિતરણ થયું છે.

આપ સૌ વડિલો તેમજ યુવક-યુવતીઓને વિનંતી કે પંજાગુટ્ટા તથા બેગમપેટ એરીયા માટે વોલીન્ટરોની ખાસ જરૂરત છે. આ માનવ સેવા કાર્ય માટે આપ સંપર્ક કરવા **શ્રી હિતેન સંઘોઈ ફોન : ૯૮૪૯૧ ૬૯૨૨૧ તથા શ્રી દિલીપ દેઢિયા ફોન : ૯૩૯૫૫ ૦૨૨૪૦ તથા શ્રી નિલેશ ગડા ફોન** : ૯૮૪૯૫ ૦૧૫૩૭ વિનંતી.



**સ્વ. કાન્તાબેન મગનલાલ દેઢિયા** ઉ.વ. ૮૮, ગામ ભુજપુર - ચક્ષુદાન, અંતિમક્રિયા તથા પ્રાર્થના માટે માનવમિત્ર સહાયરૂપ થયા હતા.

## આવેલ દાનની વિગત - માનવ મિત્ર સમિતિ

| દાતાઓના નામ | આશ્રમ રૂા. | ગૌશાલા રૂા. | ડાયાલીસીસ (એક ના રૂ ૫૦૦ લેખે) | હોસ્પિટલ રૂા. | જીવદયા રૂા. | ગૌ ગ્રાસ ૧ ઓટો ઘાસના રૂા. ૮૦૦ |
|---|---|---|---|---|---|---|
| સ્વ. હરીશ પ્રેમજી ગાલા પ્રથમ પુણ્ય તિથી નિમીત્તે હઃ શ્રી તેજસ ગાલા | - | ૧૫૦૦.૦૦ | - | - | ૧૫૦૦.૦૦ | - |
| એક સદગ્રહસ્થ તરફથી | - | ૧૦૦૦.૦૦ | ૧ | - | - | - |
| સ્વ. મેઘબાઈ મુલજી મારૂ ની પુણ્યતિથી નિમીત્તે | ૫૦૦.૦૦ | ૫૦૦.૦૦ | - | - | - | - |
| શ્રીમતી લતાબેન વિજયસિંહ ભાટીયા | - | ૫૦૦.૦૦ | - | - | - | - |
| સ્વ. શાંતાબેન શાંતિલાલ ગાલા | - | ૫૦૦.૦૦ | - | - | - | - |
| શ્રી પ્રદિપ કાન્તીલાલ ધરોડ, પાંડીચેરી | ૫૦૦.૦૦ | ૫૦૦.૦૦ | ૨ | - | ૫૦૦.૦૦ | - |
| શ્રીમતીગુણવંતીબેન સુંદરજી નાગડા | ૨૫૦.૦૦ | ૨૫૦.૦૦ | - | ૨૫૦.૦૦ | ૨૫૦.૦૦ | - |
| શ્રી ચંદુલાલ ચી. લાપસીયા હઃ ચેતન સી. શાહ | - | - | ૨ | - | - | - |
| રૂચિકા મહેશ શાહ - ઉચ્ચ શિક્ષણ ગોલ્ડ મેડલ વિજેતા નિમીત્તે | - | - | ૧ | - | - | - |
| શ્રી હરિશ મયુર ગંગર - નાગપુર | - | - | ૨ | - | - | - |

DEEPAK MAVJI DHAROD
Cell : 98490 53458

**BHAVANA TOURS & TRAVELS**

**RENT A CAR INDICA, TATA SUMO, QUALIS, TEMPO TRAVEL & SEMI DELUX BUSES**

**DAILY CITY TOUR, RAMOJI FILM CITY & KULPAK**

Off & Res : 1-8-80/1/A, Venkat Swamy Lane, Street No.11, Chikkadpally Hyd-20

(જા.ખ.)

## મનોરંજન સમિતિ

સંચાલક : પંકજ હીરજી સાવલા
ફોન : ૯૮૪૯૭ ૪૭૬૨૫

**મનોરંજન સમિતિ પ્રસ્તુતિ - પેટ્રીઓટીક ડે**

**તારીખ : શનિવાર ૨૬-૧-૨૦૧૩ સ્થળ : કચ્છી ભવન**

મનોરંજન સમિતિ પ્રસ્તુત કરે છે ગણતંત્ર દિવસ ઉજવણી જેમાં હશે નીચે મુજબનાં કાર્યક્રમ

ધ્વજવંદન : સમય સવારના ૯.૪૫ સાથે અનેક હરીફાઈઓ.

**સાંજના કાર્યક્રમ**

ફેન્સી ડ્રેસ : ૬ વર્ષ થી નીચેના બાળકો માટે

દેશ ભક્તિના ગીત : ૧૦ વર્ષથી ઉપરનાં બધા માટે

ક્વીઝ : ઉપસ્થિત સર્વ મેમ્બરો માટે

ડાન્સ (નૃત્ય) : દેશ ભક્તિના કોઈપણ ગીત અથવા સંગીત ઉપર

સાથે અનેક વિવિધ હરીફાઈઓ

ગણતંત્ર દિવસ ઉજવણી નિમિત્તે આયોજીત કાર્યક્રમમાં ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવવા સર્વ મેમ્બર પરિવારોને આમંત્રણ છે.

કાર્યક્રમની સંપૂર્ણ વિગત પાછળ થી આપવામાં આવશે જેની નોંધ લેવા વિનંતી.

# આભાર



અમારા પૂજ્ય **માતુશ્રી કાંતાબેન મગનલાલ ભીમશી દેઢિયા (ભુજપુર)** નાં દુ:ખદ અવસાન વખતે માનવમિત્ર અંતિમ સંસ્કાર, ચક્ષુદાન તથા પ્રાર્થના વખતે સહાયરૂપ થયેલ તથા શ્રી કચ્છી મિત્ર મંડળ પ્રાર્થના માટે હોલ ફાળવેલ તે બદલ અમો એમનાં આભારી છીએ. અમારી ઉપર આવી પડેલ દુ:ખદ પ્રસંગે આપ સૌએ અમને સાત્વના આપી તે બદલ અમે આભારી છીએ.

ચક્ષુદાન કરેલ છે.

લિ.

**મહેન્દ્ર મગનલાલ દેઢિયા કિશોર મગનલાલ દેઢિયા દિનેશ મગનલાલ દેઢિયા**

**પુષ્પા વસંતલાલ સાવલા (કોડાય) અરૂણા કાન્તીલાલ ધરોડ (પત્રી)**

# સંસ્થા સમાચાર

❖ **આંધ્ર પ્રદેશ કચ્છી વિશા ઓસવાલ સમાજ, હૈદરાબાદ :** હૈદ્રાબાદમાં છેલ્લા ઘણા વરસોથી શ્રી વસંત મારૂ (મુંબઈ) દિગ્દર્શિત કચ્છી નાટકની રજૂઆત કરવામાં આવે છે. અત્યાર સુધીના દરેક નાટકના શો ને ખુબજ સારી સફળતા મળી છે. પ્રેક્ષકોએ નાટકની આનંદભેર મજા માણી છે.

આ વરસે પણ મુંબઈ અને કચ્છમાં ધુમ મચાવનાર શ્રી વસંત મારૂ દિગ્દર્શિત કચ્છી નાટક "**જેન્ધગી જલશો ભને વઈ**" ની રજુઆત હૈદ્રાબાદ ખાતે શુક્રવાર તા. ૨૫-૦૧-૨૦૧૩ ના કરવામાં આવશે. વિગતવાર જાણકારી ટુંક સમયમાં આપવામાં આવશે.

આં.પ્ર. કચ્છી વિસા ઓસવાલ સમાજ દ્વારા સમાજના સભ્ય પરિવારો માટે ૧ દિવસીય પિકનીકનું આયોજન તા. ૧૪-૧-૨૦૧૩ ના મકરસંક્રાંતિના દિવસે કરવામાં આવેલ છે. પતંગ ચગાવવા સાથે સાથે અનેક અવનવી રમત-ગમત તેમજ અન્ય પ્રોગ્રામો રહેશે, જેમાં નાના ભુલકાઓ થી લઈને મોટી ઉમરના પણ ભાગ લઈ શકશે. વિગતવાર જાણકારી ટુંક સમયમાં આપવામાં આવશે.

દક્ષિણ ભારત કચ્છી વિસા ઓસવાલ જૈન એકમ દ્વારા એકમના ૫ ઘટકો ની ૫ ટીમો વચ્ચે ટેનીસ બોલ ક્રિકેટ હરિફાઈ વરસમાં એક વખત યોજાશે. આંધ્ર પ્રદેશ ઘટકમાંથી પણ ક્રિકેટ ટીમ ટુંક સમયમાં બનાવવામાં આવશે. ક્રિકેટ ટીમના કન્વીનર તરીકે શ્રી અમીશનેમજી ધરોડની નિમણુંક કરવામાં આવેલ છે. ટીમમાં સામેલ થવા ઈચ્છતા ક્રિકેટરોએ શ્રી અમીશ ધરોડનો મો નં. ૯૮૮૫૧ ૧૦૦૫૭ નો સંપર્ક કરવો. ટીમ ૧૬ પ્લેયરની રહેશે.

પ્લેઈંગ ૧૧ જણની ટીમમાં મેક્સીમમ ૫ સિનીયર પરણીત પ્લેયર ૧૮ વરસથી નીચેના ૨ સબ જુનીયર, તેમજ ૧૮ વરસથી ઉપરના અપરણીત યુવાઓની બનેલ હશે. ૫ પરણીત સિનીયર હોવા જરૂરી નથી.

આંધ્ર પ્રદેશ ઘટકનું ૧૮ વરસથી ઉપર ના અપરણીત યુવાઓનું લિસ્ટ કચ્છી મિત્ર મંડળની વસ્તી પત્રક બુકના આધારે તૈયાર થઈ રહ્યું છે. કોઈ પણ ફેરફાર હોય તો માનદમંત્રીને જાણ કરવી.

VAVAD Cover Page drawing competition & View Point competition for 18+ unmarried youth to participate in competition. Last date 15th December 2012. E.VAVAD also available on asanjokutch.com

❖ **સાવલા નુખના ભાવિકો અને નિયાણી બહેનોને માટે :** સવિનય જણાવવાનું કે સીરીયલ માતાજીને નમતા સાવલા નુખના સર્વ ભાવિકોની સમૂહ પહેડી રવિવાર તા. ૨૦-૧-૨૦૧૩ ના સવારના ૧૦.૩૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ શુભ પ્રસંગે ભાવિકોને સહપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ સ્વીકારવા વિનંતી. વધુ માહીતી માટે સંપર્ક : શ્રી પંકજ વલ્લભજી સાવલા ફોન ૯૩૯૪૫ ૫૩૧૫૪, શ્રી વલ્લભજી મેઘજી સાવલા ફોન : ૬૬૬૨૧૦૯૨, શ્રી પંકજ હીરજી સાવલા : ૯૮૪૯૭ ૪૭૬૨૫.

**DONATE EYES - LIVE TWICE**

## વસ્તીપત્રક સમિતિ

**સંચાલક : અરવિંદ છેડા, ૯૩૯૧૦ ૦૭૨૭૭**

સંપર્ક સેતુ ટેલીફોન ડાયરેક્ટરીનું કાર્ય ચાલુ છે અને જેનું વિમોચન તથા દાતાશ્રીનું સન્માનનો પ્રોગ્રામ લગભગ શનિવાર તા. ૨૬-૧-૨૦૧૩ ના રાખવામાં આવશે અને જેની વિધીવત જાણ આવતા નિયાપોના અંકમાં આપવામાં આવશે. આપશ્રીનાં ફોન નંબર/મોબાઈલ નં, રહેઠાણ એડ્રસ/ઓફિસ એડ્રેસમાં કંઈ પણ ફેરફાર હોય તો તા ૩૧ ડિસેમ્બર ૨૦૧૨ સુધી જાણ કરશો અન્યથા વસ્તીપત્રકમાં જે વિગત છે તે પ્રમાણે છાપવામાં આવશે અને ત્યારબાદ અમારી સમિતિની કોઈપણ જવાબદારી રહેશે નહીં. ટેલીફોન ડાયરેક્ટરીનું પણ ભગીરથ કાર્ય છે અને જેને મારા સહસંચાલકો શ્રી પંકજ હિરજી સાવલા શ્રી હરેશ હેમરાજ દેઢીયા, શ્રી લહેરચંદ ટોકરશી લોડાયા સંભાળી રહ્યા છે. વધું વિગત આવતા મહિનાના નિયાપોમાં આપવામાં આવશે.

## જીવન ચક્ર

### પુત્ર-પુત્રી જન્મ (ટ્વિન્સ)

| | | |
|---|---|---|
| પૂનમ પ્રીતેશ લહેરચંદ લોડાયા | રાપર ગઢવારી | હૈદ્રાબાદ |

### પુત્ર જન્મ

| | | |
|---|---|---|
| મોના જીતેન્દ્ર દામજી સાવલા | ડુમરા | ઓસ્ટ્રેલિયા |

### પુત્રી જન્મ

| | | |
|---|---|---|
| નેહલ જીતીન લલીત (માવજી મહારાજ) મહેતા | ભુજ | હૈદ્રાબાદ |

### સગપણ

| | | |
|---|---|---|
| ચિ. વૈભવ મનસુખલાલ (માવજી મહરાજ) મહેતા | ભુજ | હૈદ્રાબાદ |
| ચિ. જેની નિશા ગોર | ભુજ | |
| ચિ. ત્વિશા અતુલ જયંતિલાલ ગાલા | ગોધરા | હૈદ્રાબાદ |
| ચિ. ધીરેન ગુલાબ લાલજી ગડા | ડુમરા | ચેન્નાઈ |
| ચિ. રૂબિન તારાચંદ મણીલાલ ધરોડ | પત્રી | હૈદ્રાબાદ |
| ચિ. કુંજલ જયંત જીવરાજ છેડા | હાલાપર | મુંબઈ |

### શુભ લગ્ન

| | | |
|---|---|---|
| હાર્દિક મહેન્દ્ર પ્રેમજી ગડા | મોટા આસંબિયા | હૈદ્રાબાદ |
| દિશા જયેશ નાનાલાલ પારેખ | આંબરડી | ચેન્નઈ |

### અવસાન

| | | |
|---|---|---|
| કાન્તાબેન મગનલાલ ભીમશી દેઢિયા | ભુજપુર | ઉ.વ. ૮૮ |




*દરેક પ્રકારના લાઇફ તથા જનરલ વીમા માટે સંપર્ક કરો :*

**લક્ષ્મીચંદ કેનિયા** M.A. MDRT (USA)

ઓફિસ : ૪-૪-૨૨૮, ઈન્દ્રબાગ, સુલતાન બજાર, હૈદરાબાદ - ૫૦૦ ૦૯૫.

નિવાસ : ફ્લેટ નં. ૧૦૭-૧૦૮, શ્યામ એન્ક્લેવ, આર્ય સમાજ મંદિરની સામે, બડી ચાવડી, સુલતાન બજાર, હૈદરાબાદ ૫૦૦ ૦૯૫. ફોન. (નિ.) ૬૪૫૬૨૭૫૪ (મો.) ૯૮૪૯૬ ૪૭૨૫૯

(જા.ખ.)

# વિવિધા

## પાંજો કચ્છ

કચ્છ માટે તાજેતરમાં માંડવીમાં યોજાયેલ સદ્‌ભાવ સંમેલનમાં ગુજરાત સરકાર તરફથી ૨૧૬૫ કરોડ રૂ. જાહેર કરવામાં આવ્યા. આ રકમ કચ્છના વિકાસ માટે વપરાશે એવો આનો અર્થ આપણે લઈ શકીએ.

૨૦૦૧ ના ભુકંપ બાદ કચ્છ, દેશ તથા વિદેશમાં ચર્ચામાં રહ્યું છે. સને ૧૮૧૯ ના વર્ષમાં ભુકંપને કારણે અલ્લાહબંધ બંધાતા સીધું નદીનાં વહેણ બંધ થતાં કચ્છ જાણે રણ બની ગયું હતું. પાણીની અછત, દુકાળ રોજની વાત થઈ ગઈ હતી. દૂરં દેશી કચ્છીઓ અહીંથી હિજરત કરીને જ્યાં પણ ગયા ત્યાં અથાગ મહેનત તથા કંઈક નવુ કરવા હંમેશા પ્રયત્નશીલ રહ્યા અને તેમાં સફળ પણ બન્યા. ૨૦૦૧ ના ભુકંપે કચ્છને ફરી એકવાર નવી રાહ ચીંધી છે. પહેલા સ્વૈચ્છીક સંસ્થાઓ, ત્યારબાદ ગુજરાત સરકારે કચ્છને ખોબો ભરી ભરીને આપવા માંડ્યું છે.

કચ્છમાં શું છે. એવું કહેનારા આજે કચ્છમાં શું નથી એવું કહેતા થઈ ગયા છે, તેને એક કરીશ્મા જ કહી શકાય. કાગળ લઈ લખવા બેસીએ ત્યારે ખબર પડે છે કે કચ્છમાં અડધા દેશને નમક પુરું પાડી શકે તેવું વિશાળ રણ છે (મીઠું પકવવા સમુદ્રનું પાણી ખૂબ ઉપયોગી નીવડે છે જે કચ્છ પાસે છે), કંડલા- મુન્દ્રા જેવા મહાબંદર ધરાવતો સાગર કાંઠો છે, ધોળાવિરા જેવા અનેક સ્થાન ધરાવતી ૪૫૦૦ વર્ષ પહેલાની સંસ્કૃતિ છે, દુનિયાભરમાં જવલ્લે જોવા મળતા બન્નીના ઘાસીયા મેદાનો છે, લગભગ સમગ્ર કચ્છમાં ભુગર્ભમાં ધરબાયેલા અફાટ ખનીજ ભંડાર છે, ખૂબ જ અગત્યની સરહદ છે, માનવરહિત દરિયાકાંઠે વસતા અનેક દુર્લભ હસ્તકળાઓ છે, પોતીકી કહી શકાય એવી કચ્છી ભાષા છે, અસંખ્ય જોવાલાયક ધાર્મિક-ઐતિહાસિક, અદભૂત સ્થાનો છે. આમા હાલના વખતમાં ઉમેરાયું છે રણોત્સવ તથા અસંખ્ય નાના-મોટા ઉદ્યોગો જેને કારણે ભારતભરના શ્રમિકો કચ્છ તરફ વળી રહ્યા છે.

આ બધી પરિસ્થિતિમાં સરકારી મદદ મળતા કચ્છ વિકાસ તરફ હવે હરણફાળને બદલે ઘોડાની તેજ રફતારે દોડશે એવું માનવાની જરૂર નથી. આપણી કમનશીબી છે કે આપણી પાસે વિકાસનો સ્પષ્ટ અર્થ જ નથી. જે ચીજ ને સરકાર વિકાસ માનતી હોય તેને વિરોધ પક્ષે કૌભાંડ માનવું એવી વ્યાખ્યા ઘર કરતી જાય છે. અર્થતંત્રને સક્ષમ અને સધ્ધર બનાવે તેવી સગવડો માટે નાણાની પેટીઓ આપવાથી કામ થઈ જવાનું નથી. તેનો ઉપયોગ કઈ રીતે થાય છે તે પણ અગત્યનું છે. ભુકંપ બાદ આવેલ ઉદ્યોગો કે નવા ડેવલપમેન્ટને સાચવવા જેટલી માનસિકતા આપણામાં છે ખરી ?

નવું ઘર લઈએ કે નવી કાર લઈએ એને મુકી રાખીએ, સાફ-સફાઈ કરીએ જ નહીં તો શું થવાનું ? કોઈપણ સ્થાને જાહેરહિતમાં થયેલ વિકાસના કામોને જ્યાં સુધી સ્થાનિક પ્રજા સ્વીકારે નહીં ત્યાં સુધી વિકાસમાં ખામી જ દેખાશે. તમારા ઘરની બહાર નગરપાલિકા કચરાનો ડબ્બો મુકી જાય પરંતુ તમે રસ્તા પર જ કચરો નાંખશો તો આ વિકાસ નો કોઈ અર્થ નહીં રહે. માનવીના જીવનની સમસ્યાઓને સગવડભરી કરી આપનારી વ્યવસ્થા એટલે વિકાસ. પરંતુ આપણે તેમાં કેવો અને કેટલો સહકાર આપીએ છીએ તેના પર આ વિકાસનું પરિણામ મળે તેમ છે.

બીજી તરફ કચ્છમાં કચ્છીઓની અવગણના કરીને થઈ રહેલ વિકાસ કઈ રીતે કચ્છને કે કચ્છીઓને સધ્ધર બનાવશે તે સમજાતું નથી. કચ્છમાં કરોડો રૂપિયાના ઉદ્યોગો સ્થાપનારા લોકો કચ્છ માટે શરૂ થયેલ નર્મદા યોજનામાંથી કેટલું પાણી કચ્છની પ્રજા માટે બાકી રાખશે ? કચ્છના બંદરો અને ખાણોમાંથી જેટલા રૂપિયા કચ્છની બહાર જાય છે, તેની સામે લડવાકે બોલવા માટે કોઈ નેતા ક્યારેય આગળ નહીં આવે. ભૂતકાળમાં કચ્છને અન્યાય થયો છે અને હજી પણ થતો જ રહે છે. કદાચ એટલેજ સ્વતંત્ર રાજ્યની વિચારણા કોઈક ખૂણામાં ચિંગારી બનીને પડેલી દેખાયા કરે જ છે. વધુ ઉદ્યોગો આવશે અને વધુ વિકાસ થશે એટલે કચ્છમાંથી વધુ રૂપિયા બહાર જશે અને કચ્છ જીલ્લો દેશનો સૌથી વિકાસશીલ જીલ્લો બની જશે એવું વાંચવા મળે છે તેની સાથે સાથે ક્યાંક ખૂણામાં આવા સમાચારો પણ જોવા મળે છે. કચ્છનો રોગાન કારીગીરીનો એકમાત્ર કારીગર હવે ભરણપોષણ માટે સુથારીકામ કરી રહેલ છે, કચ્છનાં મશહુર ઢોલીનાં છોકરાઓને યોગ્ય કામ ન મળતા હવે ચપરાશીની નોકરીએ લાગ્યા છે, કચ્છમાં જેટલી બાજરી ઉગે છે તે પુરી ન પડતા મહારાષ્ટ્રમાંથી બાજરી નિકાસ થાય છે.

આજ છે આપણી વિકાસની વ્યાખ્યા. જ્યાં સુધી સ્થાનિક પ્રજા આમાં ભળે નહીં કે સ્થાનિક પ્રજાને વિકાસથી ફાયદો નહીં થાય ત્યાં સુધી આનો મોટો લાભ સરકારી તંત્ર અને બહારથી આવેલા લોકો જ લઈ જશે. આવા વિકાસને કારણે સંસ્કૃતિ ઘસાઈ જશે ને આવકનાં સ્ત્રોતો પર બહારનાઓનો કબજો રહેશે. હાલમાં આનો કોઈ રસ્તો દેખાતો નથી અને વિકાસ એવો મહાકાય હાથી બની ગયેલ છે જેના ચાવવાના અને ખાવાના દાંત અલગ જ રહેવાના. **દિનેશ કલ્યાણજી ગોસર**

## પ્રાર્થના

હે વિશ્વ વત્સલ ! દયાના સાગર મને માફ કરજે ! હું તારા નિત્ય દર્શને આવું છુ, તને વંદુ છુ, તારી સ્તવના કરૂં છું, સાંજ પડે ને તારા ભજનો ગાઉં છું. પણ અંતરમાં કંઈક ને કંઈક ડિમાન્ડ લઈને આવું છું. ક્યારેક તારી મહેરબાનીથી મારી એ ડિમાન્ડ પૂરી થાય ત્યારે મનોમન તારો આભાર માનું છું. ત્યારે મને ઘણો આનંદ થાય છે, પણ જ્યારે ક્યારેક મારી ડિમાન્ડ પૂરી થતી નથી, પ્રાર્થના ફળતી નથી ત્યારે મને તારા ઉપર ગુસ્સો આવે છે. તારી સાથેના સંબંધો તોડી નાખવાના પણ ક્યારેક વિચાર આવે છે પણ હે કૃપાનાથ ! હું અજ્ઞાન બાળક છું. તું આવી બધી મારી ફરિયાદો, માંગણીઓ અવધારતો નહિ. હું સંસારનો લોભી લાલચુ અજ્ઞાની જીવ છું. તને સામેથી કહું છુ કે, બધીજ ડિમાન્ડ, માગણીઓ તારે પૂરી કરવી જ એવું નથી ! હે કૃપાળુ ! જેમાં મારૂં અહિત થવાનું હોય તેવી મારી કોઈપણ ઈચ્છા તું પૂરી કરતો નહિ. મારી ઈચ્છાઓ કે માંગણીઓ પુરી થાય કે ન થાય પણ તારામાં મારી શ્રધ્ધા અને વિશ્વાસ કાયમ ટકી રહે, અડગ બની રહે અને જ્વલંત બની રહે એવી મારી અંતરની ઈચ્છાને તું જરૂર પૂરી કરજે.

**દિનેશ કલ્યાણજી ગોસર**

## મૌન

વર્ણા ઋતુમાં કોયલ મૌન પાળે છે, કારણ કે વર્ષા ઋતુમાં દેડકાં બોલે છે. એટલે કે જ્યારે તુચ્છ જીવો બોલે તો મૌન રહેવું જોઈએ. તેવી રીતે જ્ઞાની પુરૂષોએ અજ્ઞાની બોલે ત્યારે મૌન રહેવું જોઈએ.

સ્ત્રીના મૌનથી તેનું લાવણ્ય શોભે છે. પુરૂષનું મૌન તેનું વ્યક્તિત્વ શોભાવે છે. ફૂલે સૂર્યને કહ્યું કે આપ જગતને તેજ, પ્રકાશ અને શુધ્ધ હવા આપો છો, તો આપનું અભિવાદન કેમ કરૂં ?

સૂર્યે કહ્યુ કે મૌનથી સ્તૂતિ કરે, તે ફળે છે. માટે મૌન કેળવો, મહાત્માજીએ પણ મૌનથી તેના કાર્યો સફળ કર્યા હતા. આવડે એટલું બોલવું નહિ, મૌન માંજ મજા છે. ભાવે એટલું ખાવું નહિ, તોજ તંદુરસ્તી વધે છે.

**શાંતિલાલ દામજી ગડા**

*વજન વગરની વાત નકામી, ભજન વગરની રાત નકામી*
*સંગઠન વગરની નાત નકામી, માનવતા વગરની જાત નકામી*
*કહ્યું ન માને એ નાર નકામી, બેસી જાય તેવી ઘોડી નકામી*
*બ્રેક વગરની કાર નકામી, પૂંજી સાવ અધૂરી નકામી*
*સમજણ સાવ થોડી નકામી*
*ભણતર વગરનું જીવન નકામું, સ્વાદ વગરનું જમણ નકામું*
*સુગંધ વગરનું ફુલ નકામું,*
*સુધારે નહીં તેવો માર નકામો, બોલ્યો ફરે એ બંદો નકામો*
*કઈ ઉપાડે નહીં તે કાંધો નકામો, છોલે નહીં તે રંધો નકામો*
*નફા વગરનો ધંધો નકામો*
*ખરાબ સમયમાં જે સાથ ન આપે તે મિત્ર નકામો*

**સંકલન : પંકજ વલ્લભજી સાવલા**

## દાઝે ભરેલા ને કડવા વેણલા રે લોલ

*દાઝે ભરેલા ને કડવા વેણલા રે લોલ એથી છુટી તેની જીભડી રે પતનની જોડ કાંઈ નહી જડે રે લોલ,*
*પિયરમાં એ પ્રેમતણી પૂતળી રે લોલ સાસરીએ જૂદેરી એની જાત રે પતનની જોડ કાંઈ નહી જડે રે લોલ*
*અગન ભરેલ એની આંખડી રે લોલ વડકા ભરેલાં એના વેણ રે પતનની જોડ કાંઈ નહી જડે રે લોલ*
*કાળજુ કઠણ એના હાડમા રે લોલ જીવ છપનીયો દુકાળ રે પતનની જોડ કાંઈ નહી જડે રે લોલ*
*ભાઈઓ ને બહેન એનાં દોહ્યલા રે લોલ સાસુએ સિંચેલ એની સોડય પતનની જોડ કાંઈ નહી જડે રે લોલ*
*રીમોટ આધાર એની આંગળી રે લોલ કાળજામાં કૈંક ભરી દાઝ પિયરે જોડેલ ફોન રે પતનની જોડ કાંઈ નહી જડે રે લોલ*
*જીભે બડબડ રોજ બબડતી રે લોલ બોલતા ખૂટે ન એની લવારી રે પતનની જોડ કાંઈ નહી જડે રે લોલ*
*પતિને એ હશે ધ્રૂજાવતી રે લોલ ભવોભવ ન મળે આવી બાઈ રે પતનની જોડ કાંઈ નહી જડે રે લોલ*
*નયનો નીર તો વધે ઘટે રે લોલ સરખો એ આંસુનો પ્રવાહ રે પતનની જોડ કાંઈ નહી જડે રે લોલ*
*વરસે ઘડીક વ્હેમ વાદળી રે લોલ લાડીનો વ હે મ બારે માસ રે પતનની જોડ કાંઈ નહી જડે રે લોલ*
*ઢળતી ચ હે રે દીસે રોશની રે લોલ એની નહિ ટુકાય ટીપટાપ રે પતનની જોડ કાંઈ નહી જડે રે લોલ*

**સંકલન : પંકજ વલ્લભજી સાવલા**

# પહેલું સુખ ને જાતે નર્યા

## કબજીયાત

- ❖ અજમો અને સોનામુખીનું ચુર્ણ હુંફાળા ગરમ પાણી સાથે લેવાથી કબજીયાત મટે છે.
- ❖ પાકા ટમેટાનો એક કપ રસ પીવાથી આંતરડાનો મળ છૂટો પડી કબજીયાત મટે છે.
- ❖ નરણા કોઠે સવારમાં થોડું ગરમ પાણી પીવાથી કબજીયાત મટે છે.
- ❖ રાત્રે સહેજ ગરમ કરેલા પાણીમાં થોડું મીઠુ નાખી પીવાથી કબજીયાત મટે છે.
- ❖ લીંબુનો રસ ઠંડા અથવા ગરમ પાણીમાં સવારે અને રાત્રે પીવાથી કબજીયાત મટે છે.
- ❖ ખજુરને રાત્રે પલાળી રાખી સવારે મસળી, ગાળીને ને પાણી પીવાથી કબજીયાત મટે છે.
- ❖ ગરમ પાણીમાં એક ચમચી આદુનો રસ, એક ચમચી લીંબુનો રસ અને બે ચમચી મધ મેળવી પીવાથી કબજીયાત મટે છે.
- ❖ કાળી દ્રાક્ષને રાત્રે ઠંડા પાણીમાં પલાળી રાખી સવારે દ્રાક્ષને મસળી ગાળી તે પાણી પીવાથી કબજીયાત મટે છે.
- ❖ રાત્રે સુતી વખતે એકાદ બે સંતરા ખાવાથી કબજીયાત માટે છે.
- ❖ ત્રણ ગ્રામ મેથીનું ચુર્ણ સવાર સાંજ ગોળ અને પાણી સાથે લેવાથી કબજીયાત મટે છે.
- ❖ ચાર ગ્રામ હરડે્ ને એક ગ્રામ તજ, સો ગ્રામ પાણીમાં ગરમ કરી તે ઉકાળો રાત્રે તથા સવારના પહોરમાં પીવાથી કબજીયાત મટે છે.
- ❖ રોજ સવારે એક ગ્લાસ ઠંડા પાણીમાં અને રાત્રે દૂધમાં બે ચમચી મધ મેળવીને પીવાથી કબજીયાત મટે છે.
- ❖ અજમાના ચુર્ણમાં સંચોરો નાંખી ફાકવાથી કબજીયાત મટે છે.
- ❖ તુલસીના ઉકાળામાં સિંધવ અને સૂંઠ મેળવી ફાકવાથી કબજીયાત મટે છે.
- ❖ જાયફળ લીંબુના રસમાં ઘસીને તે ઘસારો લેવાથી કબજીયાત મટે છે.
- ❖ જમ્યા પછી એકાદ કલાકે ત્રણથી પાંચ હીમેજ ખુબ ચાવીને ખાવાથી કબજીયાત મટે છે.
- ❖ કાંદાને ગરમ રાખમાં શેકી રોજ સવારે ખાવાથી કબજીયાત મટે છે અને શક્તિ વધે છે.

**સં. વલ્લભજી મેઘજી સાવલા**

# અલૌકિક ઔષધી

## આંબળા

શિયાળો બેસી ગયો છે. માર્કેટમાં આંબળાની આવક મોટા પ્રમાણમાં શરૂ થઈ ગઈ છે. આ બહુ ખાટો તેમજ તુરો ફળ છે પણ તેથી તેને નકારી ન દેતા. આંબળામાં અનેક ઉત્તમ ઔષધિય ગુણો છે તે સાથે વિટામીન **સી** પણ ભરપુર માત્રામાં છે. સ્વાસ્થ્ય માટે તે ઘણો જ ઉપયોગી ફળ છે જેના ઉપયોગથી નીચે મુજબના ફાયદા મળી શકે છે.

- ❋ શિયાળાની રૂતુ, ઠંડી સાથે શરદી તથા કફ પણ લાવે છે. તે માટે આંબળાનો રસ બે ચમચી, તે સાથે તેટલાજ પ્રમાણમાં મધ મિક્ષકરી દિવસમાં ૨/૩ વાર લેવાથી ફાયદો થાય છે.
- ❋ જેમના શરીરમાં વિટામીન સી ની કમી હોય તેઓને આંબળા ખાવાથી ઘણો જ ફાયદો મળે છે કેમ

કે તે કુદરતી પ્રકારે હોવાથી શરીરમાં તુરંત ચૂસાઈ જઈ લોહીમાં ભળી જાય છે. જ્યારે સપ્લીમેન્ટ તરીકે લેવાતી દવાને લોહીમાં ભળતા ઘણી વાર લાગે છે.

* જે ઓ કબ્જીયાતથી પીડાતા હોય તેઓ માટે આંબળા ગુણકારી છે કેમ કે તે રેસાવાળા (ફાઈબર) ફળ છે. આંબળાના ઉપયોગથી કબ્જીયતાતથી પીડાતા લોકોને સારી એવી રાહત મળે છે.
* આંબળા એન્ટી ઓક્ષીડન્ટ તત્વોથી ભરપુર છે તેમજ શરીરમાં દર્દોને ઘર કરતા રોકે છે. આંબળાના ઉપયોગથી કેન્સરને પણ દૂર રાખી શકાય છે.
* મ્હોમાં પડેલ ચાંદાથી રાહત મેળવવા માટે, આંબળાના રસને પાણીમાં ભેળવી ખળખળ અવાજ સાથે કોગળા કરવાથી ફાયદો થાય છે.
* સાંધાના દુખાવામાં તેમજ સાંધાના સોજામાં આંબળાનો ઉપયોગ ગુણકારી અને રાહતકારી બને છે. જેઓને ઉંઘ બરાબર ન આવતી હોય તેઓને પણ આંબળાના ઉપયોગથી તણાવ મુક્ત થતા સારી ઉંઘ આવે છે. **રમેશ.એમ. શાહ**,ટાઈમ્સ ઓફ ઈન્ડીયાના આધારે

## અપનાવવા જેવો એક નિયમ...

કોઈનું મૃત્યુ થાય ત્યારે તેની અરથી નિકળે તે સમયે અને ત્યાર પછી સ્મશાને તેમની અંતિમક્રિયા થાય તેવા પ્રસંગોએ આપણે ક્યારેક ને ક્યારેક જવાનું થતું હોય છે. જે ઘરમાં આ દુઃખદ પ્રસંગ બનેલ હોય ત્યાં સ્વાભાવિક છે, વાતાવરણ ગમગીન અને ભારી હોય અને કુટુંબ શોકાગ્રસ્ત હોય. આવા સમયે, ઘરે અરથીની તૈયારી થતી હોય તેમજ સ્મશાનમાં શરીર પંચ મહાભુતમાં ન મળી જાય ત્યાં સુધી, અંતિમ વિદાય આપવા આવેલ સહુને ઘણો ફાજલ સમય મળે છે.

સમય પાસ કરવા લોકો, ગ્રુપમાં કે એક બીજા સાથે અનેક વિષય ઉપર ચર્ચામાં વ્યસ્ત થઈ જાય છે. વિષયોની કમી નથી હોતી-મોસમ, પોલિટીક્સ, શેર બજાર, ચુંટણી, સામાજીક, કૌટુંબિક નવી આવેલ ફિલ્મોના રીવ્યુ પણ ચર્ચાય છે. એટલુંજ નહીં ઠઠ્ઠા મશ્કરીઓ પણ થાય છે. વાતોમાં મશગુલ થઈ જતા ક્યારેક ક્યારેક લોકો પ્રસંગની સંવેદનશીલતા, નાજુકતા ભુલી જાય છે. જાણતા અજાણતા શોકાગ્રસ્ત કુટુંબની ભાવનાને ઠેસ પહોંચે છે, અણ દેખી થઈ જાય છે, મર્યાદા લોપાઈ જાય છે.

વર્ષો પહેલાં હું નોકરીને કારણે વિજયવાડામાં હતો ત્યારનો એક પ્રસંગ મને યાદ આવે છે. કોઈની અંતિમક્રિયા સમયે મારે સ્મશાને જવાનું થયું. આવેલ ભાઈઓમાંથી એક ભાઈ એક ઝાડ નીચે એકલા જઈ બેસી ગયા હતા, અને આંખ બંધ કરી ધ્યાનમાં હોય તેવું લાગ્યું. એ ભાઈનો મને થોડો પરિચય મળેલ. તે ભાઈ બોલકા, પણ તેમની એક ખાસિયત - કહીએ તો એક અવગુણ હતો - એમનો એક પણ વાક્ય ગાળ વગર પુરો ન થાય. વાતવાતમાં ગાળો બોલવાની એમની આદત. આવી વ્યક્તિ બધાયથી અલગ જઈ ચુપચાપ બેઠેલ જોઈ મને આશ્ચર્ય થયું.

પુછતા જાણવા મળ્યું કે તે ભાઈનો એક નિયમ હતો છે. જ્યારે પણ સ્મશાને કોઈને અંતિમ વિદાય આપવા જવાનું થાય ત્યારે મૌન રાખવું અને જ્યાં સુધી ચિતા ચાલુ હોય ત્યાં સુધી સદ્દગતના આત્મા માટે ઈષ્ટદેવની પ્રાર્થના કરવી. સદ્દગત માટેની તેમજ તેમના શોકાગ્રસ્ત કુટુંબીજનો પ્રત્યેની તેમની ભાવના જાણી, તેમના માટે મારા દિલમાં અહોભાવ જાગ્યો.

**રમેશ.એમ. શાહ**

# હાર્દિક અભિનંદન



## કુ. અમી ભરત છેડા (ગામ ગોધરા)

ફાઉન્ડેશન ફૉર ડેમોક્રેટિક રિફોર્મ (FDR) હૈદરાબાદ સાથે જોડાયેલ, લોકસત્તા પાર્ટી અને ડૉ. જયપ્રકાશ નારાયણ (MLA) સાથે કાર્યરત છે. એમને ગુમસર્બાક-જર્મનીમાં આયોજીત ઑનસાઇટ સેમિનાર (રાજકીય યુવા સંસ્થાઓનું મજબુતાઇથી સંઘઠન કરવા માટેનું સેમિનાર) માં હાજરી આપવા પસંદ કરવામાં આવેલ.

ફેડરિક ન્યુમન ફાઉન્ડેશન (રાજકીય પક્ષ-જર્મની) જે ફ્રી ડેમોક્રેટિક પાર્ટીની સિસ્ટર શાખા છે. જેમણે વિશ્વભરમાં ૧૦૦ નામાંકિત સહભાગીઓમાંથી મહિના ભરની કઠોર પસંદગીની પ્રક્રિયાબાદ, ૧૮ ઉમેદવારને સહભાગી થવાનું માન આપેલ. અમીબેન સાઉથ એશિયામાંથી બીજા ક્રમાંકે અને ભારતમાંથી પ્રથમ ક્રમાંકે પસંદગી પામી, ૨૫ નવેમ્બર થી ૭ ડિસેમ્બર ૨૦૧૨ સેમિનારમાં ભાગ લીધેલ, જેમાં સામાન્ય જર્મન રાજકીય પક્ષો અને રાજકરણી સચિવોને મળવા તથા વાર્તાલાપનો લાભ મળેલ.

ધન્ય છે આ ભારતની કચ્છી કન્યા ને...

એના જીવનમાં ડગલે અને પગલે સફળતા મળે એવા અમારા આશિર્વાદ.

માતા-પિતા : **વર્ષા ભરત શામજી છેડા.** ફોન ૦૯૩૯૭૩ ૬૪૩૩૧

બેન-બનેવી : ઝરણા મયુર દિનેશ ગંગર - લાખાપુર (નાગપુર)

ભાણેજી : હર્ષવી મયુર ગંગર - લાખાપુર (નાગપુર)

દાદાણા : માતુશ્રી નવલબેન શામજી ખીમજી છેડા - ગોધરા (મુંબઈ)

નાનાણા : માતુશ્રી દેવકાબેન આણંદજી જીવરાજ નાગડા - વરંડી મોટી (હૈદરાબાદ)

॥શ્રી અંબે માતાજીને નમઃ ॥

# છેડા નુખના ભાવિકોની પહેડી

ભાવિકો અને નિયાણી બહેનો જોગ

સવિનય જણાવવાનું કે છેડા નુખના અંબા માતાજીને નમતા ભાવિકોની સમુહ પહેડી તા. ૧૩-૧-૨૦૧૩ રવિવાર સવારના ૯.૦૦ કલાકે શ્રી કચ્છી ભવનમાં રાખવામાં આવેલ છે. આ પ્રસંગે છેડા નુખના સર્વ ભાવિકો સપરિવાર તથા નિયાણી બહેનોને સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

**સવારના અલ્પાહાર ૭.૩૦ થી ૮.૩૦ કલાકે.**

## કાર્યક્રમ

માતાજીનું સામૈયુ તથા સ્થાપના .......... ૦૯.૦૦ કલાકે
માતાજીના ભજનગીતની રમઝટ તથા રાસગરબા .......... ૧૦.૦૦ કલાકે
ગત વર્ષની પહેડીની વિગત તથા અન્ય માહિતી .......... ૧૨.૦૦ કલાકે
માતાજીને પ્રસાદ થાળ જુવારવાનુ .......... ૧૨.૧૫ કલાકે
માતાજીની આરતી .......... ૧૨.૩૦ કલાકે
માતાજીની પ્રસાદી (પ્રીતિભોજન) .......... ૦૧.૦૦ કલાકે

ભક્તી કરાવવા મુંબઈથી સુરેશ સોની અને દેવી છેડા પધારશે.

પહેડીના સંપૂર્ણ લાભાર્થી :

**શ્રી દેવચંદ રામજી છેડા પરિવાર,** કાંડાગરા (કચ્છ)

લી. **છેડા ભાવિક સંઘ**, હૈદ્રાબાદના જયજીનેન્દ્ર

સંપર્ક :

| | | |
|---|---|---|
| **દેવચંદ છેડા** | **પોપટલાલ છેડા** | **રતીલાલ છેડા** |
| મો. ૯૨૯૦૦ ૬૫૧૫૬ | મો. ૯૪૪૦૦ ૫૫૧૧૩ | મો. ૯૩૯૪૪ ૫૪૫૫૩ |

નોંધ : શ્રીફળ પ્રથા બંધ છે. ભાવિકોને ખાસ વિનંતી કાળા વસ્ત્રો પહેરીને આવવું નહી. (કૃ.પ.)

શ્રી શાંતિનાથાય નમઃ

# શ્રી અચલગચ્છ જૈન સંઘ, હૈદ્રાબાદ (સીટી)

**શ્રી નવકારના પરમ સાધક પ.પૂ. શ્રી જયંતભાઈ રાહીના પ્રેરિત**

# શ્રી પંચ પરમેષ્ઠિ મહિલા મંડળ હૈદ્રાબાદ (સીટી)

**મુંબઈ થી પધારશે શ્રીમતી ઉર્મિલા જયંત છેડા સંગીતની**

**સૂરાવલી સાથે, મધુર કંઠે ભાષ્ય નવકાર જાપ.**

# વિરાટ નવકાર ભાષ્ય જાપ અનુષ્ઠાન

સવિનય જણાવવાનું કે જેના હૈયે શ્રી નવકાર તેને શું કરશે સંસાર આધિ, વ્યાધિ, ઉપાધિગ્રસ્ત આ માનવ-મન શ્રી નવકાર મૈયાની શરણમાં આવતાજ શાંત બની જાય છે. જાપ હ્રદય અને આત્માનો આવાજ છે. હે વત્સ સમાઈ જા નવકાર મૈયાની ગોદમાં જીવતર નું પરમ સત્ય રાહ જોઈ ને ઉભું છે. તેના સ્વાગત યોગ્ય બનીજા.

નવકાર થી વિશિષ્ટ બીજો કોઈ મંત્ર નથી. માટે ૯-૯-૨૦૦૯, ૧૦-૧૦-૨૦૧૦, ૧૧-૧૧-૨૦૧૧ ના કર્યા હવે મલીયે તા. ૧૨-૧૨-૨૦૧૨ બુધવાર ની સવારે ૮.૩૦ વાગે **પ.પૂ. સાધ્વીશ્રી સમયગુણાશ્રીજી મ.સા.** તથા **પ.પૂ.સાધ્વી શ્રી શ્રુતગુણાશ્રી મ.સા.** આદિ ઠાણા ૨ ની ઉપસ્થીતીમાં સામૂહિક નવકાર મહામંત્ર ના ભાષ્ય જાપ કરવા ભેગા થશું. આ જાપ વિધિ પૂર્વક કરાવવામાં આવશે.

શુભ સ્થળ : **કચ્છી ભવન, ઈડનબાગ, રામકોટ, હૈદ્રાબાદ**

આ નવકાર મહામંત્ર જાપમાં સમયસર પધારવા આગ્રહ ભરી વિનંતી.

(જા.ખ.)

**ખાસ નોંધ : ૧) શુદ્ધ શ્વેત વસ્ત્રોમાં પધારવું.** ૨) સ્વામિવાત્સલ્યના પાસ ૯.૦૦ વાગ્યા સુધી જ આપવામાં આવશે. ૩) સાધારણ ફંડમાં આપનો અમુલ્ય ફાળો જરૂરથી લખાવશો.

GOLDEN ENTERPRISES
PULSES | GRAINS | CEREALS

સ્વામિવાત્સલ્ય ના લાભાર્થી :

**શ્રીમતિ ચંદનબેન પ્રવીણભાઈ**

**અને સમસ્ત કારાણી પરિવાર**

ELITE GRAINS
PULSES | GRAINS | CEREALS

Shop No. 188, Sri Krupa Market, Malakpet, Hyderabad 36. Ph : 040-655 35352
Pravin Karani 9393 334949, Hitesh 9246 334949, Nilesh 9246 535352 email: golden_hyd@yahoo.in

// શ્રી અંબઈ માં ને નમઃ //

# શ્રી વોરા ભાવિક મંડળ, હૈદ્રાબાદ

**વોરા નૂખની ૨૧મી સમૂહ પહેડી**

**તા. ૩૦-૧૨-૨૦૧૨ ને રવિવાર સવારના ૧૦.૦૦ વાગે**

**સ્થળ : કચ્છી ભવન, રામકોટ**

સર્વે વોરા નુખના ભાવિકોએ સહ પરિવાર તથા નિયાણીઓ એ
સજોડે પધારવા ભાવભીનું આમંત્રણ છે.

સમસ્ત કાર્યક્રમના લાભાર્થી :

**શ્રીમતી હેમલતાબેન ધીરજલાલ ગોવિંદજી વોરા,** (નારાણપુર વાલા)

શ્રીફળ પ્રથા બંધ છે, કાળાવસ્ત્રો પહેરવા નહીં

હ. મહેન્દ્ર દેવશી વોરા, વોરા ભાવિક મંડળ

(જા.ખ.)

# KEVAL & KANCHAN GRUH UDYOG

❖ *Specialist in all Khakhras* ❖

*Ghee Jeera, Ghee Sada, Methi Sada, Sp. Masala, Sp. Masala Methi, Chorafali, S.P. Math*

Contact : **Gaurav Gala** - 93460 10165, **Bijal Gala** - 95335 90165, 2760 8197

(જા.ખ.)

## શ્રી ઘનશ્યામ જે. ભટ્ટ (ગુજરાતી મહારાજ)

**શ્રી સત્યનારાયણ કથા, રાંદલ માતા, લોટા લગ્ન, ગ્રહપ્રવેશ, નક્ષત્ર શાંતિ, પિતૃદોષ, મેળાપક, જન્માક્ષર, કુંડલી તથા દરેક પ્રકારની**

**ધાર્મિક પૂજા વિધી માટે સંપર્કઃ**

**C/o. K.P. Shreevastav, # 4-5-662, First Floor,**
**Opp. St. Pauls School, Kutbiguda, Hyderabad - 27**
**Mobile : 99895 11627, 90007 98770**

(જા.ખ.)

**ENJOY YOUR SANKRANTHI HOLIDAY'S WITH**

# MAA SHAKTI TOURS IN DUBAI

**Dubai Shopping Festival 2013.**

**Fixed Departure 13 Jan to 17 Jan 2013 (1st Group)**
**Fixed Departure 18 Jan to 22 Jan 2013 (2nd Group)**
**Fixed Departure 27 Jan to 31 Jan 2013 (3rd Group)**

**PACKAGE INCLUDES : Hotel Accomodation, Return Airfare Ecanomic Class, Dhow Cruise, Desert Safari, Entract tiicket to World's Tallest Building Burj Khalifa up to 124 Floor, 1 Break Fast in 7* Hotel Burj Al-Arab fullday Abu-Dhabi Tour entrance ticket to Dubai Shopping Festival (Global Village) with Breakfast Indian Dinner Lunch Visa. All Transfer (No Hidden Cost)**

**FOR DETAILS CONTACT :**
**Vijay Jagirdar, 92465 98935, Gautam Jagirdar - 92465 28935**

(જા.ખ.)



**SAMKIT LODAYA**

Tatoo Artist

For Permanent
Tatoo Art Making

**Call : 90000 06323**

(જા.ખ.)

# ।। Jai Mahaveer ।।

***Seasons greeting & many many good wishes for the new year 2013 to all of you.***

You know, water is cool in nature. Though it's cool, it can spread like a wild fire - Sandy in America and Neelam in India are the best examples.

***Let us therefore know or understand the intensity of water. As wise people say "Prevention is better than cure". You may therefore share your watery problems with us.***

Contact :

# NAMAN
# Construction Solutions

***For any kind of Leakage, Seepage and undue flow of Water, from your Terrace, Toilets, Roof Tops, Bathrooms, Side walls, Window Panes etc.***

*These problems can be repaired without causing any breakage or damage to your existing structure. Since our products are NANO TECHNOLOGY BASED the repairs can be done effectively with utmost care and precision.*

*So why wait ?*

Call **VARDHAMAN D. SHAH,** Mobile : 98853 41835

**C/o. Naman Construction Solutions**

B/1, Suryanarayana Apts., Opp. Gujrati Pragati Samaj Hall,
Lingampally, Kachiguda, Hyderabad - 500 029 (A.P.)
E-mail : naman.construction.solutions@gmail.com

(જા.ખ.)



# R.S. BANDHANI HOUSE

**કચ્છની કલામય બાંધણીઓ હૈદરાબાદમાં**

કચ્છની બાંધણીઓનો ખજાનો પ્યોર સિલ્ક, ગંજીસિલ્ક, ઈટાલિયન ક્રેપ, જોરજટ ઈટાલિયન સામો તથા બનારસીમાં ઝીણા બંધેજ અને મીનાકારીમાં આકર્ષક અવનવી બાંધણીઓ, રીયલમાં ઘરચોળા તથા શ્રીમંત પ્રસંગ માટે ગ્રીન કલરમાં વિવિધ બાંધણીઓ, રંગબેરંગી ચણિયાચોળી અને અદ્યતન નવા પંજાબી ડ્રેસ મટેરિયલ, બેડશીટો તથા અન્ય આકર્ષક વેરાયટીઓ હોલસેલ ભાવે રીટેલમાં મળશે.

**નવલબેન મહેન્દ્રકુમાર ભોગીલાલ ધરમશી**

૩-૨-૩૫૭/૧, ૧લે માળે, લાલબહાદુર હાઈસ્કુલની બાજુમાં, નિમ્બોલિ અડ્ડા,
હૈદરાબાદ ૫૦૦ ૦૦૨૭. ફોન. ૨૪૬૦ ૦૮૧૦, ૨૪૬૫ ૫૬૨૨.

(જા. ખ. H-2750)

Upto **20%** Discount on Medicines on M.R.P.

**Special Extra Discount on H.I.V., Cancer, Kidney Medicines & Injections**

**ALL GENUINE MEDICINES ONLY**

**Goel Distributors**

4-4-234/1, Ground Floor, Inderbagh, Kothi, Hyderabad
Vikas Agarwal 9246190997, 65764301, 6999 3773

(જા. ખ.)


Kutchhi Cricket Club Hyderabad
Thank You
Kutchhi
Cricket
League


Kutchhi Cricket Club Hyderabad
KPL-5
Victory Comfort Products

શુભ || અનંત ચૌવિશી જીન નમો || લાભ



# શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ (Regd.)

**(માતુશ્રી વિમળાબેન મગનલાલ ભેદા પરિવાર)**


૩-૪-૨૧૫/એ, આર.કે. કૉમપ્લેક્સ, બેન્ક ઓફ ઈન્ડીયાની ઉપર,

કાચીગુડા, હૈદરાબાદ ૫૦૦ ૦૨૭. આં.પ્ર. ફોન : ૬૬૩૬ ૨૫૪૫, ૨૭૫૬ ૨૫૪૫

સંચાલક : **હંસકુમાર રાયચંદ સાયલા** ફોન. ૦૯૨૪૬૫૩૨૫૪૫

પ્રચાર સંયોજક : **રિદ્ધીશ રમેશ જાગીરદાર** ફોન. ૦૯૮૯૯૯૮૮૯૯૯


---

## 31st Night in Kulpakji

સહર્ષ જણાવવાનું કે સાલ ૨૦૧૨ ની ૩૧ ડિસેમ્બરની રાત શ્રી કુલપાકજી તીર્થ ક્ષેત્રે આદીનાથ દાદાના સંગાથે ઉજવાનું નિર્ધારીત થયેલ છે. વિદાય લેતા વર્ષને સુંદર ધર્મ આરાધનાના સંભારણ સાથે વિદાય આપવી અને ધર્મ આરાધનાની નવી નવી યોજનાઓ, અપેક્ષાઓ તથા સંકલ્પ સાથે નવ વર્ષનો સ્વાગત કરવા આપ સર્વે ભાવિકોને શ્રી સંઘ હાર્દિક આમંત્રણ આપે છે.

સોમવાર તા. ૩૧-૧૨-૨૦૧૨ ના બપોરે ૨.૦૦ વાગે કાચીગુડા થી પ્રસ્થાન કરશું. સાંજના ચોવિહાર કરી ભવ્ય કુમાર પાલ રાજાની આરતીનું લાભ લેશું તથા ભક્તી ભાવના અને મધ્ય રાત્રીએ અતી ઉલ્હાસ પૂર્ણ વાતાવરણમાં નવ વર્ષનું સ્વાગત કરશું. બીજા દિવસે તા. ૧-૦૧-૨૦૧૩ ના સવારની નવકારશી, દેવ દર્શન, પૂજા અર્ચના પૂર્ણ કરી ૧૦.૦૦ વાગે કુલપાકજી થી પાછા ફરશું અને ૧૨.૦૦ વાગ્યા સુધી હૈદ્રાબાદ પહોંચશું.

કર્મોને ઝોળી નાખનાર આવા દૈદિપ્યમાન કાર્યક્રમનું લાભ લેવાનું ચુકશો નહીં. રાબેતા મુજબ દર મહિનાના પહેલા રવિવારે કાચીગુડાથી શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટેના કાર્યક્રમમાં શ્રી સમ્મેતશીખરજી મહાતીર્થ યાત્રા સાતાપૂર્વક થાય માટે પંચ તીર્થ કલ્યાણક પૂજા રવિવાર તા. ૨-૧૨-૨૦૧૨ ના આયોજીત કરવામાં આવેલ છે. યાત્રા દરમ્યાન ગરીબ ભોજનનો લાભ વડિલ શ્રી સ્વર્ગીય વિરસી નરશી લોડાયા (જાગીરદાર) પરિવારે લીધેલ.

*કાયમી સંઘપતિ તથા વિજ્ઞાપન સૌજન્ય :*

**માતુશ્રી દેવયાનીબેન કલ્યાણજી રામજી રવજી સોજપાર ગાલા,**

**ગામ મોટા લાયજા-કચ્છ, હાલ મુંબઈ**

**હસ્તે શ્રીમતિ મમતાબેન (તારાબેન) ભુપેન્દ્ર કલ્યાણજી ગાલા મુમુક્ષુ પરિવારના જયજિનેન્દ્ર**

(જી.પ.)